# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૪/૨૦-૨૧/૩૯૭૨-૨ તા.૨૯.૦૬.૨૦૨૧

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૧/ક્વા-૪/૨૦-૨૧

અરજદાર: **પ્રાઈમ પોલી ફિલ્મ્સ** ગામ: **ચોકી**
પેટા વિભાગીય કચેરી : જેતપુર ગ્રામ્ય
રજૂઆત કરનાર: **અરજદાર પ્રાઈમ પોલી ફિલ્મ્સના પ્રતિનિધિ તરીકે વિનોદભાઈ રામજીભાઈ રૈયાણી અને તેમની સાથે ઉમેશભાઈ રતિભાઈ રાદડીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - જેતપુર
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી બી.કે. દવે પીજીવીસીએલ વિભાગીય કચેરી - જેતપુર

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૧ (શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૬-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ જેતપુર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહકનં. ૩૩૮૩૨/૦૦૯૮૬/૮ થી ૧૦૦ કીવો નું એલ.ટી.એમ.ડી. જોડાણ ધરાવે છે.

૨.૧ સદર વીજજોડાણના વીજમીટરનો ડિસપ્લે બંધ થયેલ હોવાથી અરજદાર દ્વારા સંલગ્ન પેટા વિભાગીય કચેરી ખાતે તા.૨૩.૦૯.૨૦૨૦ થી જાણ કરેલ. જેના અનુસંધાને પેટાવિભાગીય દ્વારા તા.૩૦.૦૯.૨૦૨૦ ના રોજ અરજદારનું વીજમીટર બદલાવવામાં આવેલ. સદર મીટરની લેબ ચકાસણી કરતા MRI ડેટા મળેલ નહિ

તેમછતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તેઓને રૂ.૨૦૨૪૨૨.૫૧/- નું સરેરાશ વીજબીલ તા.૦૭.૧૨.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ હતું. સદર બાબતે અરજદાર દ્વારા સંલગ્ન કચેરીમાં તપાસ કરતા જાણવા મળેલ કે તેઓને અપાયેલ સદર વીજબીલ ફોલ્ટી મીટર અન્વયેનું સરેરાશ છે.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે માર્ચ-૨૦૨૦ પછી લોકડાઉન આવેલ હોય ત્યારબાદના તમામ બીલ તેઓને અનિયમિત આવેલ છે તેમજ જુન-૨૦૨૦ નું વીજબીલ આવેલ નથી. વધુમાં લોકડાઉન બાદ તેઓનો વીજવપરાશ પણ ઓછો હતો. અરજદારને તા.૧૫.૦૯.૨૦૨૦ સુધીનું વીજબીલ રીડીંગ મુજબ અપાયેલ હોય અરજદાર દ્વારા ભરપાઈ કરી આપેલ છે. આમ તા.૧૫.૦૯.૨૦૨૦ થી તા.૩૦.૦૯.૨૦૨૦ સુધીના ફક્ત ૧૪ (ચૌદ) દિવસનું સરેરાશ બીલ રૂ.૨૦૨૪૨૨.૫૧/- આપવામાં આવેલ હોય સદર બીલ કોઈપણ પ્રકારની યોગ્ય ગણતરી કર્યા વગર જ આપવામાં આવેલ છે. જેથી સદર બીલ બાબતે યોગ્ય કરવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી નીચે મુજબ ની વિગતો રજુ કરેલ છે.

| | |
|---|---|
| ગ્રાહક નું નામ | - પ્રાઇમ પોલી ફિલ્મ્સ |
| ગ્રા. ન. | - 33832/00986/8 |
| ટેરીફ | - એલટીએમડી વિજભાર – 100 કી.વો. |
| ગામ | - ચોકીધાર, જી.જુનાગઢ. |
| કનેક્શન રીલીઝ તારીખ | - 04.03.2009 |
| પેટા વિભાગીય કચેરી | - જેતપુર ગ્રામ્ય |

3.૧ અરજદાર ગ્રાહક પ્રાઇમ પોલીફિલ્મ્સનાં ભાગીદારની રજૂઆત છે કે તેઓનાં સદર ઓદ્યોગિક વીજજોડાણનું મીટર લેબ ચકાસણી મુજબ ફોલ્ટી માલૂમ પડતાં તેઓને આપવામાં આવેલ એવરેજ યુનિટનું બિલ ભૂલ ભરેલ છે.

3.૨ ફરિયાદી અરજદારે તેઓનાં મીટરની ડિસ્પ્લે બંધ થયેલ હોવાથી જેતપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીને જાણ કરેલ. જેનાં અનુસંધાને તા.૩૦.૦૯.૨૦૨૦ નાં રોજ અરજદારનું વીજમીટર બદલી આપવામાં આવેલ. સદર મીટર નં.**PG164027** તા.૧૪.૧૦.૨૦૨૦ નાં રોજ ડીવીઝન લેબોરેટરી – જેતપુરમાં તપાસતાં સંયુક્ત ચકાસણી અહેવાલ મુજબ મીટર ફોલ્ટી માલૂમ પડેલ.

3.3 ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનાં જાહેરનામાં ક્રમાંક નંબર 4/2015 ની શરત નં. 6.58 મુજબ..... ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉ નાં છેલ્લા 03 બિલિંગ અવધિ નાં સરેરાશ વીજવપરાશનાં બિલ ને આધારે ગ્રાહકને બિલ આપવું. પૂરતી વિગતો પ્રાપ્ત ન હોય તો તે પછી ની મુદત નાં બે/ત્રણ બિલ ની અવધિ દરમિયાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઈ શકાય. આ ખર્ચ અધિકતમ માત્ર 03 બિલિંગ અવધિ માટે વસૂલવાપાત્ર થશે. પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને/અથવા કબ્જાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણા માં લેશે.

૩.૪ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા સવાલવાળું વીજમીટર ખામીયુક્ત હોવાથી અરજદારને **SEPTEMBER-2020 BILLED IN OCTOBER-2020** નું બીલ નીચે મુજબ સરેરાશ વપરાશ મુજબ આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| AS PER AVERAGE | (41879+59944+26275)/3 | 42700 |
| ALREADY BILLED UNITS | | 14637 |
| DEBITED UNITS | | 28063 |

સદર બિલ પીજીવીસીએલની નિયમાધીન પ્રણાલી અંતર્ગત જ આપવામાં આવેલ હોય જે મજરે આપવાપાત્ર ગણાય નહીં.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર પ્રાઇમ પોલી ફિલ્મ્સ ના નામે ગ્રા. ન. - 33832/00986/8 થી 100 કી.વો.નું વીજજોડાણ એલટીએમડી ટેરીફ હેઠળ ગામ- ચોકીધાર, જી.જુનાગઢ ખાતે તારીખ – ૦૪-૦૩-૨૦૦૯ થી પેટા વિભાગીય કચેરી - જેતપુર ગ્રામ્ય હેઠળ ધરાવે છે.

૪.૨ અરજદારની ફરિયાદ મુજબ વીજબીલ માહે સપ્ટેમ્બર-૨૦ બીલ્ડ ઇન ઓક્ટોબર-૨૦ માં મીટર નો ડિસ્પ્લે બંધ હોવાથી સવાલવાળું મીટર તા.૩૦.૦૯.૨૦૨૦ ના રોજ બદલાવવામાં આવેલ. જેની લેબ ચકાસણી કરતા MRI ડેટા મળેલ નહિ. તેમજ મીટર ફોલ્ટી ની નોંધ હોવાને કારણે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સરેરાશ વીજ વપરાશ મુજબ ગણતરી કરીને એડજેસ્ટમેન્ટ ની રકમ રૂ.૨૦૨૪૨૬.૨૪/- વીજબીલ માહે નવેમ્બર-૨૦ તા.૦૭-૧૨-૨૦ માં ઉમેરીને આપેલ જે બીલ ની રકમ રદ કરવા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૩ અરજદારના વીજમીટરનો ડિસ્પ્લે બંધ હોવાને કારણે અરજદારની ફરિયાદના આધારે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૩૦.૦૯.૨૦૨૦ નાં રોજ એમ.એમ.બી. સહીત વીજમીટર નં.**PG164027** ઉતારીને નવું વીજમીટર લગાડી વીજપુરવઠો ચાલુ કરી આપેલ છે.

૪.૪ ઉપરોક્ત સવાલવાળા વીજમીટરની ચકાસણી મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં તા.૧૪.૧૦.૨૦૨૦ નાં રોજ ગ્રાહક ના પ્રતિનિધિની હાજરીમાં કરાયેલ જે રીપોર્ટ મુજબ મીટરને ટેસ્ટીંગ બેંચ પર ટેસ્ટ કરતા – મીટરના ડિસ્પ્લે ઉપર વોલ્ટેજ ૦૦ આવે છે. તેમજ અન્ય પેરમીટર જણાયેલ નથી અને એમ.આર.આઈ. ડેટા આવેલ નથી. આમ મીટર ફોલ્ટી છે તેવી નોંધ કરાયેલ છે.

૪.૫ પી.આર.ટી.-૧૪૫ મુજબ અરજદારના વીજ વપરાશ ની વિગત નીચે મુજબ છે.

| Month/ Year | | 2019 | | | | | 2020 | | | | | 2021 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Bill Dt. | KWH | Consm. | MD (KW) | Meter Status | Bill Dt. | KWH | Consm. | MD (KW) | Meter Status | Bill Dt. | KWH | Consm. | MD (KW) | Meter Status |
| JAN | 17-01-19 | 261156 | 39401 | 76 | | 16-01-20 | 636489 | 40605 | 86 | | 02-02-21 | 149576 | 37532 | 102 | |
| FEB | 12-02-19 | 291450 | 30294 | 77 | | 11-02-20 | 668919 | 32430 | 88 | | 24-02-21 | 179001 | 29425 | 102 | |
| MAR | 11-03-19 | 317946 | 26496 | 71 | | 13-03-20 | 703255 | 34336 | 82 | | 16-03-21 | 204264 | 25263 | 101 | |
| APR | 12-04-19 | 347715 | 29769 | 78 | | 23-05-20 | 751641 | 48386 | 73 | | 17-04-21 | 241400 | 37136 | 97 | |
| MAY | 17-05-19 | 387555 | 39840 | 76 | | | | | | | 15-05-21 | 259966 | 18566 | 96 | |
| JUN | 11-06-19 | 412683 | 25128 | 77 | | 04-07-20 | 793520 | 41879 | 79 | | | | | | |
| JUL | 12-07-19 | 440142 | 27459 | 71 | | 27-08-20 | 853464 | 59944 | 98 | | | | | | |
| AUG | 13-08-19 | 475430 | 35288 | 79 | | 15-09-20 | 879739 | 26275 | 93 | | | | | | |
| SEP | 16-09-19 | 502636 | 27206 | 83 | | 13-10-20 | 14647 | 14637 | 85 | C | | | | | |
| OCT | 14-10-19 | 532773 | 30137 | 82 | | 12-11-20 | 51472 | 36825 | 83 | | | | | | |
| NOV | 16-11-19 | 563518 | 30745 | 85 | | 07-12-20 | 76110 | 24638 | 94 | | | | | | |
| DEC | 13-12-19 | 595884 | 32366 | 87 | | 04-01-21 | 112044 | 35934 | 101 | | | | | | |
| AVERAGE | | | | | | | | | | | | | | | |

૪.૬ અરજદારની રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજબીલ અનિયમિત અપાયેલ છે જે અનુસંધાને ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ મુજબ વીજબીલ નીચે મુજબ અપાયેલ છે.

| Month/ Year | | 2020 | | | 2021 | |
|---|---|---|---|---|---|---|
| | Bill Dt. | Consm. | No. of Day | Bill Dt. | Consm. | No. of Day |
| JAN | 16-01-20 | 40605 | 34 | 02-02-21 | 37532 | |
| FEB | 11-02-20 | 32430 | 26 | 24-02-21 | 29425 | |
| MAR | 13-03-20 | 34336 | 31 | 16-03-21 | 25263 | |
| APR | 23-05-20 | 48386 | 71 | 17-04-21 | 37136 | |
| MAY | | | | 15-05-21 | 18566 | |
| JUN | 04-07-20 | 41879 | 42 | | | |
| JUL | 27-08-20 | 59944 | 54 | | | |
| AUG | 15-09-20 | 26275 | 19 | | | |
| SEP | 13-10-20 | 14637 | 28 | | | |
| OCT | 12-11-20 | 36825 | 30 | | | |
| NOV | 07-12-20 | 24638 | 25 | | | |
| DEC | 04-01-21 | 35934 | 28 | | | |

ઉપરોક્ત વિગત પરથી સ્પષ્ટ થાય છે કે માહે એપ્રિલ -૨૦, મે-૨૦, જુન-૨૦, જુલાઈ-૨૦ અને ઓગષ્ટ-૨૦ ના વીજબીલીંગ ના માસિક દિવસોની સંખ્યા અનિયમિત જોવા મળે છે. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે વૈશ્વિક મહામારી **COVID-19** ને કારણે સરકારશ્રી દ્વારા લોકડાઉન તા.૨૫-૦૩-૨૦ થી તા.૧૭-૦૫-૨૦ સુધીનું હતું. સદર કારણોસર બિલીંગ સાયકલ ડીસ્ટર્બ થયેલ હતી. ત્યારબાદ અરજદારને નિયમાધીન વીજબીલ અપાયેલ છે.

અરજદારની રજૂઆત મુજબ સરેરાશ બીલ યોગ્ય ગણતરી કર્યા મુજબનું અપાયેલ નથી. જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદારનું વીજબીલ માહે ઓગષ્ટ-૨૦ માં મીટરમાં નોંધાયેલ રીડીંગ (૮૭૯૭૩૯ – ૮૫૩૪૬૪ = ૨૬૨૭૫ ) મુજબ તા.૧૫-૦૯-૨૦ ના રોજ અપાયેલ છે. ત્યારબાદ સવાલવાળા વીજ મીટરનો ડિસ્પ્લે બંધ થવાના કારણે અરજદારની ફરિયાદ મુજબ તા.૩૦-૦૯-૨૦૨૦ ના રોજ સદર વીજમીટર બદલાવેલ જેનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીના રીપોર્ટ મુજબ મીટર ફોલ્ટી માલૂમ પડેલ તેમજ એમ.આર.આઈ. અહેવાલ મળેલ નથી. જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને માહે સપ્ટેમ્બર-૨૦૨૦ નું વીજબીલ તા.૧૩-૧૦-૨૦ ના રોજ અગાઉના વીજબીલ જુન-૨૦, જુલાઈ-૨૦ અને ઓગષ્ટ-૨૦ ના વીજવપરાશના આધારે સરેરાશ વીજબીલમાંથી નવા વીજમીટરમાં નોંધાયેલ વીજયુનીટ બાદ કરીને ગણતરી કરેલ છે તેમજ સદર સમયગાળાના કુલ દિવસોની સંખ્યા ૯૦ દિવસોને બદલે ૧૧૫ દિવસ થાય છે.

૪.૭ નામદાર **GERC** ના ધારાધોરણ–એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ માં કરાયેલ જોગવાઈ મુજબ "....ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ૦૩ બીલિંગ અવધીના સરેરાશ વીજવપરાશના બીલો ના આધારે ગ્રાહકને બિલ આપવું, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધી દરમ્યાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઇ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ ત્રણ બિલિંગ અવધી માટે વસુલવાપાત્ર થશે પરંતુ ઉક્ત મુદત દરમ્યાન સંબંધિત મકાનની કાર્યકારી અને /અથવા કબજાની સ્થિતિ અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે." તેમજ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૬.૧૭ નીચે મુજબ રજુ કરેલ છે.

6.17 The meter shall normally be read on fixed date ± 3 working days for monthly billing cycle & ± 5 working days for bi-monthly billing cycle and the consumer shall extend all facilities to the licensee or his authorized representatives to read the meter.

૪.૮ **ઉપરોક્ત બાબતે અરજદારનું સવાલવાળું વીજમીટર તા.૧૬-૦૯-૨૦ થી તા.૩૦-૦૯-૨૦ સુધી એમ.આર.આઈ. અહેવાલ ન મળવાના કારણોસર મીટર કઈ તારીખથી બંધ થયેલ છે તે નક્કી થઈ શકતું નથી. જેથી ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ મુજબ મીટર ક્ષતિગ્રસ્ત હોવાના કારણોસર સ્પલાય કોડ** ૬.૫૮ મુજબ આપવું જોઈએ પરંતુ સદર કેઈસમાં **વૈશ્વિક મહામારી COVID-19 ના કારણોસર ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબ ની વિગતે બિલીંગ સમયગાળાના દિવસોની સંખ્યા અનિયમિત હોવાને કારણે વીજબીલ જુન-૨૦, જુલાઈ-૨૦ અને ઓગષ્ટ-૨૦ ના ત્રણ બિલીંગ અવધી દરમ્યાન થયેલ કુલ વીજવપરાશના આધારે સરેરાશ વીજવપરાશ મુજબ વીજબીલની ગણતરી કરેલ છે પરંતુ સદર ત્રણ બિલીંગ અવધીના સમયગાળાના કુલ દિવસોની સંખ્યા ૯૦ દિવસોને બદલે ૧૧૫ દિવસ થવાથી અરજદારનો સરેરાશ વીજવપરાશ વધુ આવેલ છે તેમ સ્પષ્ટ થાય છે જે વીજબીલ રદ કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે. તેમજ અરજદારના સવાલવાળા વીજમીટરમાં તા.૧૬-૦૯-૨૦ થી તા.૩૦-૦૯-૨૦ સુધી એટલેકે ૧૫ દિવસ માટે વીજબીલની ગણતરી ઉપરોક્ત ત્રણ બિલીંગ અવધી દરમ્યાન એટલેકે કુલ ૧૧૫ દિવસમાં નોંધાયેલ કુલ વીજવપરાશના –પ્રતિદિન સરેરાશ વીજવપરાશની ગણતરી કરીને સદર સવાલવાળા ૧૫ દિવસનું બિલીંગ તેમજ નવા મીટર માં નોંધાયેલ વીજવપરાશ મુજબ રીવાઈઝ ગણતરી - અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિવસ- ૧૦ માં સુવ્યવસ્થિત ગણતરીપત્રક અરજદારને આપવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.**

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯